પરદેશ પાર્સલ સર્વિસ
CHIPS Express
www.chipsairexp.com
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૪૬ ૧૮ નવેમ્બર, ૨૦૧૯, સોમવાર; કારતક વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રામ મંદિર અને રાફેલ મુદ્દો સંસદમાં ગાજશે

**આર્થિક મંદી, બેરોજગારી, કાશ્મીરમાં સ્થિતિ સહિતના મુદ્દા છવાશે : મોદીની સરકારને ભીંસમાં લેવા કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષની આક્રમક યોજના તૈયાર : સરકાર સિટિઝનશીપ બિલ સહિત શ્રેણીબદ્ધ બિલોને લાવવા સુસજ્જ**

નવીદિલ્હી, તા. ૧૭

રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે સંસદનું શિયાળુ સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યું છે. આ સત્ર તોફાની બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. સત્ર દરમિયાન કલમ ૩૭૦ની નાબૂદી બાદ જમ્મુ કાશ્મીરમાં પ્રવર્તી રહેલી સ્થિતિ, આર્થિક મંદી, બેરોજગારી અને સિટિઝનશીપ બિલ લાવવાની સરકારની યોજના સહિતના મુદ્દા પર સરકાર અને વિરોધ પક્ષો વચ્ચે જોરદાર ખેંચતાણ જોવા મળે તેવી શક્યતા છે. શિયાળુ સત્રમાં આ તમામ મુદ્દા ઉપર સરકાર અને વિપક્ષી બેંચ વચ્ચે ઉગ્ર આક્ષેપબાજીનો દોર ચાલી શકે છે. બીજી બાજુ સિટિઝનશીપ સુધારા બિલને પસાર કરવા ઉપરાંત સરકાર બે મહત્વના વટહુકમને આ સત્ર દરમિયાન કાયદામાં ફેરવી નાંખવાની યોજના તૈયાર કરી છે. જે પૈકી એક વટહુકમ અર્થતંત્રમાં મંદીને દૂર કરવા તથા વિકાસને પ્રોત્સાહન આપવા માટે નવી અને સ્થાનિક મેન્યુફેક્ચરિંગ કંપની માટે કોર્પોરેટ ટેક્સ રેટમાં ઘટાડો કરવા સાથે સંબંધિત છે. આ વટહુકમ સપ્ટેમ્બર જારી કરાયો હતો. ઈન્કમ ટેક્સ એક્ટ ૧૯૬૧ અને ફાઈનાન્સ એક્ટ ૨૦૧૯માં સુધારા કરવાના સંદર્ભમાં આ વટહુકમ જારી કરાયો હતો. આવી જ રીતે બીજો વટહુકમ પણ સપ્ટેમ્બર જ જારી કરાયો હતો. સપ્ટેમ્બર મહિનામાં બીજો વટહુકમ જારી કરાયો હતો જેમાં પ્રતિબંધિત વેચાણ, ઉત્પાદન અને ઈ-સિગારેટના સ્ટોરેજને લઈને આ વટહુકમ જારી કરાયો હતો. મોદી સરકાર બીજી વખત સત્તામાં આવ્યા બાદ પ્રથમ સત્ર ખુબ જ સાનુકુળ અને ઉપયોગી રહ્યા બાદ આ સત્રમાં કેટલી સફળતા મળે છે તેને લઈને જોરદાર ચર્ચા જોવા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## નાગરિક સુધારા બિલ પસાર કરવા સરકાર તૈયાર

નવીદિલ્હી, તા. ૧૭

સંસદનું શિયાળુ સત્ર કેવું રહે છે તેના ઉપર રાજકીય પંડિતોની પણ નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકારનું આ બીજુ સંસદ સત્ર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર પ્રચંડ બહુમતિ સાથે બીજી વખત સત્તામાં આવ્યા બાદ આ બીજુ સંસદ સત્ર છે. પ્રથમ સત્ર ખુબ જ ફળદાયી રહ્યું હતું જેમાં ત્રિપલ તલાક, નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને વધુ સત્તાઓ આપવા સંબંધિત બિલ પાસ કરવામાં આવ્યા હતા. ઉપરાંત જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી પણ કરવામાં આવી હતી. આ વખતે જટિલ સિટિઝનશીપ સુધારા બિલ પાસ કરવા માટે સરકાર તૈયાર છે. ભાજપના ચાવીરુપ મુદ્દા તરીકે આને જોવામાં આવે છે. જુદા જુદા પડોશી દેશોમાંથી આવેલા બિન મુસ્લિમ શરણાર્થીઓને નાગરિકતા આપવાની આમા યોજના રહેલી છે. સરકારે આ સત્ર માટે કારોબારની યાદીમાં આ બિલને પ્રાથમિકતા આપી દીધી છે. સરકારે અગાઉની અવધિમાં આ બિલ રજૂ કર્યું હતું પરંતુ વિરોધ પક્ષો તરફથી જોરદાર વિરોધ પ્રદર્શનના કારણે આ બિલ પાસ થઈ શક્યું ન હતું. ધાર્મિક આધાર પર પક્ષપાત હોવાનો આક્ષેપ વિરોધ પક્ષો દ્વારા કરવામાં આવ્યો છે. છેલ્લી

## શિવસેના અને ભાજપ એક સાથે મળીને સરકાર બનાવશે

**મહારાષ્ટ્રમાં ટૂંકમાં સામાન્ય સ્થિતિ : આઠવાલેનો ધડાકો : અમિત શાહે ખાતરી આપી હોવાનો દાવો**




મુંબઈ, તા. ૧૭

મહારાષ્ટ્રમાં એનસીપી, કોંગ્રેસ અને શિવસેના વચ્ચે યોજાયેલી બેઠક બાદ સરકાર રચવાની કવાયત ચાલી રહી છે ત્યારે રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના પ્રમુખ અને કેન્દ્રીયમંત્રી રામદાસ આઠવાલે આજે મોટુ નિવેદન કર્યું હતું. કેન્દ્રીય મંત્રી અને ભાજપ પ્રમુખ અમિત શાહ સાથે પોતાની વાતચીતનો ઉલ્લેખ કરતા આઠવાલે કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ટૂંક સમયમાં જ ભાજપની સરકાર બની જશે. અઠવાલે કહ્યું છે કે, અમિત શાહે તેમને ખાતરી આપી છે કે, મહારાષ્ટ્રમાં સ્થિતિ ટૂંક સમયમાં જ સુધરી જશે. આજે રવિવારના દિવસે મિડિયા સાથે વાતચીત કરતા આઠવાલે કહ્યું હતું કે, તેઓએ મહારાષ્ટ્રના રાજકીય સંકટ ઉપર કેન્દ્રીયમંત્રી અમિત શાહ સાથે વાતચીત કરી છે. સાથે સાથે દરમિયાનગીરી કરવા માટે પણ અપીલ કરી હતી પરંતુ અમિત શાહે કહ્યું છે કે, મહારાષ્ટ્રમાં તમામ બાબતો ટૂંક સમયમાં જ સામાન્ય બની જશે. ભાજપ અને શિવસેના એક સાથે આવીને મહારાષ્ટ્રમાં સરકાર બનાવશે.

● અનુસંધાન પાન-૭ પર

# અયોધ્યા કેસમાં રિવ્યુ પિટિશન દાખલ કરાશે

**મુસ્લિમ પર્સનલ લો બોર્ડ દ્વારા ૧૦ સવાલ ઉઠાવાયા : બાબરી મસ્જિદ જમીનના બદલામાં પાંચ એકરની જમીન અન્યત્ર મંજુર નથી : હાલના ચુકાદામાં અનેક વિરોધાભાષ**

લખનૌ, તા. ૧૭

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે પોતાની બેઠકમાં નિર્ણય કર્યો છે કે, તે અયોધ્યા મામલામાં સુપ્રીમ કોર્ટના ચુકાદાની સામે રિવ્યુ પિટિશન દાખલ કરશે. બોર્ડના સચિવ જફરયાર જિલાનીએ બોર્ડની કારોબારી કમિટિની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણય અંગે માહિતી આપતા પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, અયોધ્યા મામલા ઉપર નવમી નવેમ્બરના દિવસે આપવામાં આવેલા સુપ્રીમ કોર્ટના ચુકાદા ઉપર ફેરવિચારણા અરજી દાખલ કરવામાં આવશે. બોર્ડે કહ્યું હતું કે, મસ્જિદની જમીનના બદલામાં મુસ્લિમો કોઈ અન્ય જમીન કબૂલ કરી શકે નહીં. જફરયાર જિલાનીએ કહ્યું હતું કે, બોર્ડનું માનવું છે કે, મસ્જિદની જમીન અલ્લાહની જમીન છે અને શરિયત કાયદા મુજબ તે અન્ય કોઈને આપી શકાય નહીં. આ જમીન માટે છેલ્લીઘડી સુધી લડત ચલાવવામાં આવશે. જિલાનીએ કહ્યું હતું કે, ૨૩મી ડિસેમ્બર ૧૯૪૯ની રાત્રે બાબરી મસ્જિદમાં ભગવાન રામની મૂર્તિઓ મુકવાની બાબત ગેરબંધારણીય હતી તો સુપ્રીમ કોર્ટે એવી મૂર્તિઓને આરાધ્ય તરીકે કેમ સ્વીકારી લીધી છે. તે તો હિન્દુ ધર્મ મુજબ પણ આરાધ્ય હોઈ શકે નહીં. રિવ્યુ પિટિશનના આધાર માટે પાંચ મુદ્દા તૈયાર કરવામાં આવ્યા છે.

બોર્ડની બેઠકમાં જે દસ્તાવેજમાં તમામ સભ્યોએ હસ્તાક્ષર કર્યા છે તેમાં લખવામાં આવ્યું છે કે, બંધારણની કલમ ૧૪૨નો પ્રયોગ કરીને એ વખતે વિચારણા કરવામાં આવી હતી. આ પહેલા જમિયત ઉલેમાએ હિંદના મૌલાના અરશદ મદનીએ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડની બેઠક બાદ અયોધ્યા મામલા પર સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગે કહ્યું હતું કે, આ તથ્ય છતાં અમે પહેલાથી જ જાણીએ છીએ કે, અમારી ફેર વિચારણા અરજી ૧૦૦ ટકા ફગાવી દેવાશે પરંતુ અમે અરજી કરવા માટે ઈચ્છુક છે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડ દ્વારા ૧૦ મુદ્દાઓ ઉઠાવીને રિવ્યુ પિટિશન દાખલ કરવાનો નિર્ણય કર્યો છે.

## ન્યુઝ ટ્રેક

**સહકારી બેંકોનું નિયમન રીઝર્વ બેંક કરશે**

સહકારી બેંકોમાં થતાં ફ્રોડ મામલે હવે રીઝર્વ બેંક વધુ કડક બની છે. ભારતીય રીઝર્વ બેંકના કેન્દ્રિય બોર્ડના નિર્દેશક સતીશ મરાઠેએ કહ્યુ છે કે સહકારી બેંકોના નિયમન મામલે રીઝર્વ બેંકને શક્તિઓ અપાશે.

**એનસીપીની કોર કમિટીની બેઠક**

મહારાષ્ટ્રમાં સરકારની રનચા મામલે હજુ તસ્વીર સ્પષ્ટ નથી. એનસીપી પ્રમુખ શરદ પવારે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સાથે બેઠક યોજી હતી પરંતુ તે મુલ્તવી રહી છે. આ દરમ્યાન એનસીપી પ્રમુખ શરદ પવારના પુણે સ્થિત આવાસ પર કોર કમિટીની બેઠક યોજવામાં આવી છે. જેમાં સરકાર ગઠન મામલે મહત્વની ચર્ચા થશે.

**એલઓસી પર આઈઈડી બ્લાસ્ટ**

એલઓસીના પલાવાલા સેક્ટરમાં જીરો લાઈન ફેન્સિંગની એકદમ પાસે પાકિસ્તાન તરફથી આઈઈડી વિસ્ફોટ કરવામાં આવતા પેટ્રોલીંગમાં રહેલો એક જવાન શહીદ થયો છે. જ્યારે અન્ય બે ગંભીર રીતે ઘાયલ થયા છે.

# બાલા સાહેબની સ્મૃતિ સભા સ્થળે ફડનવીસ સામે પ્રદર્શન

**ફડનવીસના સ્વાભિમાન સંદેશને લઇ નારાજગી : શિવસેના જ નવી સરકાર બનાવશે, મુખ્યમંત્રી પણ તેમની પાર્ટીના રહેશે : સંજય રાવત દ્વારા ફરીવાર કરાયેલ દાવો**

મુંબઈ, તા. ૧૭

શિવસેનાના સ્થાપક



બાલાસાહેબ ઠાકરેની સ્મૃતિ સભામાં શિવસેના ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના નેતા પણ શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા હતા. કાર્યક્રમમાં સામેલ થવા માટે પહોંચેલા મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસને પરત ફરતી વેળા શિવ સૈનિકો તરફથી નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. આજે સવારે ટ્વિટ કરીને ફડનવીસે બાલાસાહેબના સ્વાભિમાનના સંદેશનો ઉલ્લેખ કર્યો હતો જેને લઈને શિવસેનાના સાંસદ સંજય રાવતે પણ જવાબ આપ્યો હતો. મુંબઈના શિવાજી પાર્કમાં આયોજિત સ્મૃતિ સભામાં પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ ઉપસ્થિત રહ્યા હતા. બાલાસાહેબને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ જ્યારે ફડનવીસ કાર્યક્રમ સ્થળથી પરત ફરી રહ્યા હતા ત્યારે શિવ સૈનિકો દ્વારા નારાબાજી કરવામાં આવી હતી. કાર્યકરો તેમની સામે નારાબાજી કરી રહ્યા હતા. કાર્યક્રમમાં ફડનવીસ ઉપરાંત પંકજા મુંડે અને વિનોદ તાવડે પણ સામેલ થયા હતા. આ પહેલા ફડનવીસે શિવસેના પર પ્રહાર કરતા સવારે ટ્વિટ કરીને કહ્યું હતું કે, બાલાસાહેબના સ્વાભિમાનથી તમામ લોકો વાકેફ રહ્યા છે. બીજી બાજુ આના જવાબમાં સંજય રાવતે શિવાજી પાર્કમાં પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે, શિવસેનાને સ્વાભિમાન અને સમજદારીના બોધપાઠ ભણાવવાની કોઈ જરૂર નથી. શિવસેના પોતાની રીતે આગળ વધશે. પુણ્યતિથિ પર આયોજિત સ્મૃતિ સભામાં પહોંચેલા શિવસેનાના સાંસદે કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

## એનડીએમાં પક્ષો વચ્ચે ખેંચતાણ દૂર કરવી જરૂરી : ચિરાગ પાસવાન

**એનડીએમાં તાલમેલ માટે કન્વીનરની જરૂર : સાથી પક્ષને એકમંચ પર રાખવા નક્કર પ્રયાસ જરૂરી છે એનડીએ ગઠબંધન બેઠકમાં સામેલ ચિરાગનો અભિપ્રાય**

નવીદિલ્હી, તા. ૧૭

નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)માં પણ હાલમાં તમામ બાબતો યોગ્યરીતે આગળ વધી રહી નથી. આ વાત હવે ગઠબંધનના નેતા પણ કહેવા લાગી રહ્યા છે. મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને હોબાળો થયા બાદ અને જુનાપક્ષ શિવસેનાએ ભાજપ સાથે છેડો ફાડી લીધા બાદ આજે યોજાયેલી ગઠબંધનની બેઠકમાં શિવસેનાની હાજરી રહી ન હતી. બેઠક બાદ લોકજનશક્તિ પાર્ટીના નવા પ્રમુખ ચિરાગ પાસવાને કહ્યું હતું કે, ગઠબંધનને જાળવી રાખવા માટે એક સંયોજકની જરૂર દેખાઈ રહી છે. ચિરાગ પાસવાને કહ્યું હતું કે, ગઠબંધનના સાથી પક્ષો વચ્ચે તાલમેલ જોરદાર રહે તે જરૂરી છે. આ કામ માટે એનડીએને એક કન્વીનરની જરૂર દેખાઈ રહી છે. પહેલા ટીડીપીએ એનડીએનો સાથ છોડી દીધો હતો. ત્યારબાદ ઉપેન્દ્ર કુશવાહની રાષ્ટ્રીય લોકસમતા પાર્ટીએ સાથ છોડ્યો હતો. ૨૦૧૮ના અંતમાં લોકસભાની ચૂંટણીમાં બેઠકોની વહેંચણીમાં




ઉપેક્ષાનો આક્ષેપ કરીને ઉપેન્દ્ર કુશવાહે ગઠબંધન સાથે છેડો ફાડી લીધો હતો. તે પહેલા માર્ચ ૨૦૧૮માં આંધ્રપ્રદેશને ખાસ રાજ્યનો દરજ્જો

● અનુસંધાન પાન-૭ પર

## શ્રીલંકા રાષ્ટ્રપતિ ચૂંટણીમાં પ્રેમદાસાએ હાર સ્વીકારી, રાજપક્ષેની જીત નિશ્ચિત

કોલંબો,તા.૧૭

શ્રીલંકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં શાસક પક્ષના ઉમેદવાર સજિથ પ્રેમસાદાએ નૈતિક રીતે હાર સ્વીકારી લીધી છે. આ સાથે જ હવે ગૌતુબાયા રાજપક્ષેની રાષ્ટ્રપતિ પદ માટે જીત નિશ્ચિત મનાઈ રહી છે. રવિવારે શરૂ થયેલી મતગણતરીમાં સજિથ પ્રેમદાસા મતોની ટકાવારીની બાબતે ઘણા પાછળ ચાલી રહ્યા હતા. સિંહાલી વર્ચસ્વ ધરાવતી બેઠકો પર રાજપક્ષેને નોંધપાત્ર મતો મળતા તેઓ શરૂઆતથી જ આગળ રહ્યા હતા.

સજિથ પ્રેમદાસાએ જણાવ્યું હતું કે, 'જનાદેશનું સમ્માન કરવું એ મારા માટે ગૌરવ છે એ હું ગૌતબાયા રાજપક્ષેને શ્રીલંકાના સાતમા રાષ્ટ્રપતિ બનવા બદલ અભિનંદન આપું છું.' ચૂંટણીના સત્તાવાર પરિણામ હજુ આવવાના બાકી છે.

રવિવારે સવારથી મતગણતરી શરૂ થઈ છે. પ્રારંભિક રૂઝાનમાં ગૌતબાયા રાજપક્ષેનો ઘોડો વિનમાં ચાલી રહ્યો હોવાનું જણાયું છે. સિંહાલીનું પ્રભુત્વ ધરાવતી બેઠકો પરથી પ્રચંડ સમર્થન મળ્યું હોવાથી રાજપક્ષેનું પલડું ભારે જણાઈ રહ્યું છે. પ્રારંભિક પોસ્ટલ મતોની ગણતરીમાં રાજપક્ષેને નવ જિલ્લામાંથી જીત્યા હતા જ્યારે વર્તમાન શાસક સજિથ પ્રેમદાસાને ત્રણ જિલ્લામાંથી જીત મળી હતી.

# અગ્નિ-૨ મિસાઈલનું સફળ પરિક્ષણ

ન્યુ દિલ્હી,તા.૧૭

ભારતે શનિવારે મધ્યમ અંતરની બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ - ૨નું સફળ પરિક્ષણ કર્યું



છે. સરકારી સુત્રો અનુસાર ઓરિસ્સાનાં બાલાસોરથી આ મિસાઈલનું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું. આ પરીક્ષણ એટલા માયે મહત્વનું છે કારણ કે ભારતે પહેલી વાર આ મિસાઈલને રાત્રે પરિક્ષણ કર્યું છે. આ મિસાઈલ ૨૦૦૦ કિલોમીટર સુધી માર કરી શકે છે. સ્ટ્રેટેજીક ફોર્સ કમાન્ડ દ્વારા ઓરિસ્સાનાં કિનારાથી અગ્નિ-૨ મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યું. અગ્નિ-૨ બેલેસ્ટિક મિસાઈલ ૨૦ મીટર લાંબી હોય છે અને તેઓ ૧૦૦૦ કિલો જેટલું વજન લઈ જવા માટે સક્ષમ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગ્નિ-૨ મિસાઈલને ડીઆરડીઓની એડવાન્સ સિસ્ટમ્સ લેબોરેટરીએ તૈયાર કર્યું છે. આ મિસાઈલને ઈન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ બનાવવામાં આવ્યું છે.

અત્યાધુનિક નેવિગેશન સિસ્ટમથી યુક્ત આ મિસાઈલમાં સારુ કમાન્ડ અને કંટ્રોલ સિસ્ટમ છે. આ મિસાઈલ અગ્નિ સીરીઝ મિસાઈલનો હિસ્સો છે. આ સીરીઝનમાં ૭૦૦ કિલોમીટર સુધી જનારી અગ્નિ-૧ અને ૩૦૦૦ કિલોમીટર સુધી જનારી અગ્નિ - ૩ મિસાઈલનો સમાવેશ થાય છે.

## આરકોમ સંપત્તિ ખરીદી માટે એરટેલે આખરે બીડને પરત ખેંચ્યુ

નવીદિલ્હી, તા. ૧૭

ટેલિકોમની મહાકાય કંપની ભારતી એરટેલે રિલાયન્સ કોમ્યુનિકેશન (આરકોમ)ની સંપત્તિને ખરીદી લેવાના તેના બિડને આખરે પરત ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે. રિલાયન્સ જીઓની વિનંતીના આધાર પર બિડ રજૂ કરવા માટેની મહેતલને લંબાવવા કમિટિ ઓફ ક્રેડિટર્સની હિલચાલને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ હિલચાલ ખુબ જ ગેરવ્યાજબી અને પક્ષપાતપૂર્ણ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે કંપનીનો કન્ટ્રોલ ઈન્સોલવન્સી રેઝુલ્યુશન પ્રોફેશનલોને સોંપી દીધો છે.

REQUIRED
One of The leading Stock Market leader Required staff for New Branches
At INFOCITY – CHANDKHEDA – ADALAJ & PETHAPUR.
• EQUITY DEALER CASH / F & O. • TELE CALLER.
• BACK OFFICE EXECUTIVE. • OFFICE ASSISTANT
Attractive Salary + Incentive + Petrol...
Banking & finance experience prefer. fresher also apply to
bestboi123@gmail.com OR WhatsApp No. : 99747 03401

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે:૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225